વર્ષ ૨૦૨૧-૨૨ ની નવી બાબત.

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની વિવિધ સંવર્ગની કુલ- ૦૭ (સાત) જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી લેવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૧/૬૧૫૦૪/છ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૦૧/૦૬/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૩૧/૦૩/૨૦૨૧ નો પત્ર નં. સસુખા/યજન/નવી-બાબત/૨૦૨૦-૨૧/૨૩૮.

આમુખ-

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની વિવિધ સંવર્ગની કુલ- ૦૭ (સાત) જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી લેવા બાબતે કુલ રૂ.૯.૬૦ લાખની નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે, જે વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્ર પ્રકાશન નં.24-I ના પાના નં. ૪૩ પર પ્રકાશિત થયેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષાના તા. ૩૧/૦૩/૨૦૨૧ ના પત્ર અન્વયે પ્રસ્તુત નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની વિવિધ સંવર્ગની નીચે દર્શાવેલ કુલ- ૦૭ (સાત) જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી લેવા બાબતે કુલ રૂ.૯.૬૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ક્લાર્ક (રૂ.૧૨,૦૦૦/- પ્રતિ માસ) | 03 (ત્રણ) આઉટસોર્સથી |
| ૨ | સ્ટેનોગ્રાફર (રૂ.૧૫,૦૦૦/- પ્રતિ માસ) | ૦૧ (એક) આઉટસોર્સથી |
| 3 | પટાવાળા (રૂ.૧૦,૦૦૦/- પ્રતિ માસ) | ૦૨ (બે) આઉટસોર્સથી |
| ૪ | સફાઈ કામદાર (રૂ.૯,૦૦૦/- પ્રતિ માસ) | ૦૧ (એક) આઉટસોર્સથી |
| | કુલ | ૦૭ (સાત) |

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-3 ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૦૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સથી કરાવવાની રહેશે.

(૯) જે તે જગ્યાના પગાર-ધોરણો પ્રવર્તમાન આર.ઓ.પી. પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/03/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:-નપન/૨003/ જીઓઆઈ/૧૦(પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જોવાનું રહેશે. જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૪) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ વિભાગ મારફત નાણા સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૦/૦૫/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગતમદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

— 5 —

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા / બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- શાખા સિલેક્ટ ફાઇલ.